# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-08-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# STATE RAIN

રાજ્યમાં ફરી વરસાદનું જોર વધતા ગત 24 કલાકમાં 22 જિલ્લાના 82 તાલુકામાં વરસાદ થયો છે. દરમિયાન સૌથી વધુ સાડા 11 ઇંચ વરસાદ ગીરસોમનાથના સૂત્રાપાડા તાલુકામાં નોંધાયો છે. જ્યારે પાટણ-વેરાવળ , કોડિનાર અને ગીરગઢડામાં પાંચથી છ ઇંચ જેટલો વરસાદ થયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 70 ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. તેમાંથી સૌથી વધુ 73 ટકા જેટલો વરસાદ દક્ષિણ ગુજરાતમાં થયાના અહેવાલ છે.

દરમિયાન આજે જુનાગઢ , અમરેલી, ગીર સોમનાથ , નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં અત્યંત ભારે વરસાદની આગાહી છે. જ્યારે માછીમારોને 21 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

. . . . .

# EK PED MAA KE NAAM

રાજ્યમાં ચાર જૂનથી 18 ઑગસ્ટ સુધી "એક પેડ મા કે નામ " અભિયાન હેઠળ અત્યાર સુધીમાં છ કરોડથી વધુ છોડ રોપવામાં આવ્યા છે. વન અને પર્યાવરણ મંત્રી મુળૂભાઈ બેરાએ કહ્યું , દેશભરમાં આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં 62 કરોડથી વધુ છોડ રોપીને નવો વિક્રમ બન્યો છે. ગુજરાત હાલ આ અભિયાનમાં સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે છે.

આગામી સમયમાં કુલ 10 કરોડથી વધુ છોડ રોપવાનો લક્ષ્યાંક પૂર્ણ કરાશે. અભિયાન હેઠળ અંદાજે 61 લાખથી વધુ છોડ રોપવામાં સરહદી બનાસકાંઠા જિલ્લો રાજ્યભરમાં અગ્રેસર છે તેમ પણ શ્રી બેરાએ ઉંમેર્યું.

. . . . .

# SURENDRANAGAR DABAN

સુરેન્દ્રનગરમાં વન વિભાગે જંગલમાં 12 કરોડ રૂપિયાની કિંમતની જમીન પર ગેરકાયદે દબાણ હટાવ્યું છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે , થાનગઢના જામવાડી ગામમાં 11 હેક્ટર વિસ્તારમાં ગેરકાયદે મોટી હૉટેલ , સાત દુકાન, એક રહેણાંક મકાન અને પાર્કિંગનું બાંધકામ કરાયું હતું. વન વિભાગ , મહેસુલ વિભાગ અને પોલીસ વિભાગની સંયુક્ત ટુકડીએ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

. . . . .

# SURENDRANAGAR MARKET

સુરેન્દ્રનગરના વઢવાણ માર્કેટિંગ યાર્ડના નવા અધ્યક્ષ તરીકે નારાયણ પાવરાની નિમણૂંક થઈ છે. જ્યારે ઉપાધ્યાક્ષ તરીકે જગદીશસિંહ અસવારની વરણી કરવામાં આવી છે. વર્તમાન અધ્યક્ષ રામજી ગોહિલની ત્રણ એપ્રિલે મુદત પૂરી થયા બાદ આજે ચૂંટણી હાથ ધરાઈ હતી, જેમાં અધ્યક્ષ અને ઉપાધ્યાક્ષ ની બિન હરીફ વરણી કરવામાં આવી.

. . . . . . . .

# MEHSANA SAMVAD

મહેસાણા જિલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી કરતી સેવા સહકારી અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો સંવાદ યોજાયો, જેમાં આવક અને રોજગારીની નવી તક અંગે ચર્ચા કરવામાં આવી. જિલ્લામાં માઈક્રો એટીએમ શરૂ થાય તે દિશા માં કામગીરી શરૂ થઈ છે. ત્યારે ફતેહપુરા , બદપુરા અને વલાગલા ગામને માઈક્રો એટીએમ અપાયાં છે.

. . . . . . .

# SALANGPUR DHAM

બોટાદના સુપ્રસિદ્ધ સાળંગપુરધામ શ્રી કષ્ઠભંજન દેવ હનુમાનજી મંદિરમાં આજે દાદાને અનેકવિધ ફૂલ-પાંદડીના વાઘાં પહેરાવાયા છે. વહેલી સવારે સાડા પાંચ વાગ્યે મંગળા આરતી અને ત્યારબાદ સવારે સાત વાગ્યે શણગાર આરતી કરવામાં આવી. અનેક ભક્તોએ પ્રત્યક્ષ અને ઑનલાઈન માધ્યમથી આરતીના દર્શનનો લ્હાવો લીધો.

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સાળંગપુરધામ મંદિર દ્વારા અનેકવિધ કાર્યક્રમ અંતર્ગત દિવ્ય શણગાર અનેક દિવ્ય અન્નકૂટ , સવારે અને સાંજે સંગીતમય સુંદરરકાંડ પાઠ, દૈનિક મારુતિ યજ્ઞ, ષોડશોપચાર પૂજન અને મહાસંધ્યા આરતી , રાજોપચાર પૂજન અને મહાસંધ્યા આરતી , શ્રીહરિ મંદિરમાં હિંડોળા દર્શનનું આયોજન કરાયું છે.

. . . . . . .

# STATE SPORTS

રાજ્યના ખેલાડી આરવ રાજપૂતે કરાટેની રમતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કુલ 12 સુવર્ણ ચંદ્રક જીતી દેશનું નામ રોશન કર્યું છે. રાજ્ય સરકાર અને ગુજરાત રમતગમત સત્તામંડળની મદદથી આગળ વધેલા આ ખેલાડી અન્ય યુવાનો માટે પણ પ્રેરણાસ્ત્રોત બન્યા છે. તેમણે આ સિદ્ધિ કઈ રીતે મેળવી તે અંગે સાંભળીએ તેમની પ્રતિક્રિયા.

**(BYTE: AARAV RAJPUT, PLAYER)**

. . .

# DIU BOAT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં મધદરિયે એક હોડી ડૂબી જવાની ઘટના બની હતી. જોકે, તેમાં રહેલા સાત ખલાસી અને એક ટંડેલને બચાવી લેવાયા છે. અમારાં પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે, ગત રાત્રે ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ થતાં હોડી મધદરિયે ડૂબી ગઈ હતી. ત્યારે અન્ય હોડીમાં રહેલા લોકોએ ડૂબતી હોડીમાં ફસાયેલા લોકોને સફળતાપૂર્વક બચાવ્યા હતા.

. . . . .